- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | |
|---|---|---|---|
| | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | 1, 9, 2 | 1, 10, 2 | 1, 9, 2 |
| 2 | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત |
| પ્રકરણ નંબર | 1 to 4 | 1 to 4 | 1 to 4 |

નોંધઃ અન્ય માધ્યમમાં ધોરણ-૮માં જૂના અભ્યાસક્રમ પ્રમાણે સામાજિક વિજ્ઞાનની કસોટી (પ્રકરણ- 1 થી 3) લેવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાનાઃ

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2021 / ૨૭૪૪૪-૫૦૧
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 11/ 10/ 2021
12

સચિવ

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ઓક્ટોબર માસમાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભ: (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(૨) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦
(૩) તા. ૮/૧૦/૨૦૨૧ની શાખાનોંધ પર માન. નિયામકશ્રીની મળેલ મંજૂરી અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે મૂલ્યાંકન હેતુસર સપ્ટેમ્બર-૨૦૨૧માં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ અને ૪માં પર્યાવરણ અને ગુજરાતી, ધોરણ ૫માં હિન્દી અને ગુજરાતી તથા ધોરણ ૬ થી ૮માં ગુજરાતી, ગણિત તથા હિન્દી વિષયની સામયિક મૂલ્યાંકન કસોટીઓ યોજાઈ ગયેલ જેનાથી આપ સુવિદિત હશો.

ઓક્ટોબર -૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ઓક્ટોબર માસમાં ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૫/૧૦/૨૦૨૧ અને તા.૨૬/૧૦/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે.
- ધોરણ ૬ થી ૮ની કસોટીઓ ઉપરોક્ત તારીખ દરમિયાન જે દિવસે વિદ્યાર્થીઓ શાળામાં આવે તે દિવસે લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ બિલકુલ શાળામાં ન આવતા હોય તેમને ઘરે કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૫/૧૦/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- કસોટી લેવાનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.